
# અરવલ્લી પોલીસનું ક્લોઝડાઉન : હવે નજર રાખશે ‘ઉડતી આંખ’

## માલપુર પોલીસે ડ્રોનની મદદથી ૫ શખ્સો સામે ગુન્હો નોંધ્યો



મોડાસા, તા. ૨૯

કોરોનનો અજગરી ભરડો દેશના નાગરિકોને ધીરે ધીરે લપેટમાં લઈ રહ્યો છે ગુજરાતમાં દિવસેને દિવસે કોરોના પોઝિટિવનાં કેસો વધી રહ્યા છે અને હવે સ્થાનિક સ્તરે પણ કોરોનાનું સંક્રમણ ફેલાઈ રહ્યું છે. ગુજરાતમાં કોરોનાનાં કુલ ૫૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. અને ૪ લોકોનાં મોત નિપજ્યાં છે, લોકડાઉન હોવા છતાં રાજયમાં લોકોમાં ગંભીરતાનો અભાવ જોવા મળી રહ્યો છે. કડક અમલ વચ્ચે પણ લોકો હજુ પણ બહાર નીકળી રહ્યા છે.

અરવલ્લી જીલ્લા એસપી મયુર પાટીલે લોકડાઉનની શખ્ત અમલવારી માટે “ઉડતી આંખ” ડ્રોનની મદદથી બહાર નીકળતાં લોકો પર નજર રાખવામાં આવી રહી છે અને જાહેરનામાનો ભંગ કરનાર શખ્સો સામે લાલ આંખ કરી રહેતા અને વાહનો લઈ અંતરિયાળ વિસ્તારોમાં લોકો રખડપટ્ટી કરતા હોવાનું પોલીસતંત્રને ધ્યાને આવતા અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત તમામ તાલુકા મથકોએ અને ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ ડ્રોનની મદદથી તમારા પર નજર રાખશે. અને ઘરની બહાર નીકળશો તો તમારા પર કડક કાર્યવાહી કરવામાં આવશે. ડ્રોનની મદદથી લોકો પર નજર રાખવાની શરૂઆત કરવામાં આવી છે.

માલપુર પોલીસ સ્ટેશનમાં અરવલ્લી જીલ્લામાં સૌપ્રથમ ડ્રોન કેમેરાનો ઉપયોગ કરી ટોળું વળાઈ બેસી રહેલા ૫ શખ્સો સામે લોકડાઉન અને જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે માલપુર નગર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગ હાથ ધર્યુ છે. માલપુર પોલીસે ડ્રોન કેમેરામાં કસ્બા વિસ્તારમાં મકાનની પાછળ ખુલ્લામાં ટોળે વળેલા ૫ શખ્સો જોવા મળતા તાબડતોડ પહોંચી જગ્યાને કોર્ડન કરી વિશાલ સુરેશભાઈ કોટવાળ, અજય મુકેશભાઈ ઝાલા, રાહુલ કિશોરભાઈ ઝાલા, અજય દિલીપભાઈ ઝાલા અને સતીશ સુરેશભાઈ કોટવાળ (તમામ રહે,માલપુર) વિરુદ્ધ જાહેરનામાના ભંગ બદલ અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.


લોકડાઉનમાં શહેરી વિસ્તારોમાં લોકો ટોળા વળી બેસી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સાબરકાંઠા પોલીસે લોકડાઉનના પાંચમાં દિવસે રવિવારે હિંમતનગરમાં એસઓજી અને હિંમતનગર બી ડીવીઝન પોલીસે લોકડાઉનનો વધુ કડક અમલ કરાવવા માટે વિસ્તારમાં ડ્રોન ઉડાડ્યુ હતું જેને લઈને શેરી મહોલ્લામાં જે લોકો બહાર બેસી રહે છે તેને અટકાવવા માટે સફળતા પોલીસને મળી હતી.

### ધનસુરા પોલીસે ઉમિયા ક્વોરીનાં માલિકો સામે જાહેરનામા ભંગનો ગુન્હો દાખલ કર્યો

હાલ સમગ્ર દેશમાં લોકડાઉન છે અરવલ્લી જીલ્લામાં ૧૪૪ કલમ અમલમાં છે ત્યારે ધનસુરા તાલુકાના બોરવાઈ ગામ નજીક આવેલ ઉમિયા ક્વોરીમાં ક્વોરી માલિક પ્રફુલ બાબુભાઈ પટેલ અને તેમનો મળતિયો કાળજી રમણજી પરમાર નામનો શખ્સ ક્વોરીમાં મજૂરો રાખી કામ કરાવતા હોવાથી જાગૃત નાગરિકે ઉમિયા ક્વોરી ધમધમતી હોવાનો વિડીયો ધનસુરા પોલીસને મોકલતા પી.આઈ. એફ.એલ. રાઠોડ અને તેમની ટીમે ઉમિયા ક્વોરીમાં રેડ કરી બંને શખ્સો સામે જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડાગામ પંથકમાં લોકડાઉનમાં પણ અનેક ક્વોરીઓ ગેરકાયદેસર રીતે ધમધમી રહી હોવાની બૂમો ઉઠી છે.



### ભિલોડામાં ડ્રોન વિડીયો કેમેરા ધ્વારા શુટીંગ અને ફોટોગ્રાફી

કોરોના વાયરસએ સમગ્ર વિશ્વભરમાં કાળો કેર વર્તાવ્યો છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા લોકડાઉન કરાયું છે ત્યારે ભિલોડામાં ડ્રોન વિડીયો કેમેરા ધ્વારા શુટીંગ અને ફોટોગ્રાફી કરાઈ હતી. પી.એસ.આઈ. કે.કે. રાજપુતે જણાવ્યું હતું કે લોકડાઉન દરમ્યાન બહાર હરવા ફરવા કે લટાર મારફવા નીકળ્યા તો વાહનો જપ્ત કરાશે. ડ્રોન કેમેરા મારફતે પોલીસ ધ્વારા સમગ્ર વિસ્તારમાં બાજ નજર રખાઈ છે. લોકડાઉનના પગલે ધમધમતા બજારોમાં સદંતર સનાટ્ટો જોવા મળી રહ્યો છે. પોલીસે લોકડાઉન દરમ્યાન લાલ આંખ કરતા બજારોમાં હવે કોઈ જ ફરકતું નથી. લોકડાઉનને પગલે પ્રજાજનોનો સહકાર જોવા મળી રહ્યો છે.

## ખેડબ્રહ્મા શહેરમાં કેટલાક પોલીસની દબંગાઈને લઈને તાત્કાલિક મીટીંગ

ખેડબ્રહ્મામાં લોક ડાઉનનો અમલ કરાવવા પોલીસ સ્ટફ સખત કાર્યવાહી કરી રહી છે ત્યારે પોલીસના કેટલાક કર્મચારીઓ પોતાને દબંગ સમજતા હોય તેવું વર્તન દુકાનદારો સાથે કરતા દુકાનદારોએ પ્રાંત આધિકારીને રજુઆત કરી હતી.


સમગ્ર રાજ્યમાં લોક ડાઉન ચાલી રહ્યું છે અને ખેડબ્રહ્મામાં પણ વહીવટી તંત્ર તેનો અમલ કરાવવા કમર કસી રહી છે પણ કેટલાક લોકો કામ વગર રોડ ઉપર ઉતરી આવતા હોય પોલીસે સખત કાર્યવાહી હાથ ધરી દંડાવાળી કરવાની ફરજ પડી હતી તેમ કેટલાક પોલીસ કર્મીઓએ પ્રાંત અધિકરીએ ઈસ્યુ કારેલ પાસવાળા વેપારીઓ પર લાકડીઓ વિઝાવતા વેપારીઓમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. વેપારીઓએ એકઠા થઈ મામલતદાર અધિકરીને રજુઆત કરી હતી. તાત્કાલિક પી.એસ. આઈને બોલાવી વેપારીઓને હેરાન ન કરવા કહ્યું હતું.

## મોડાસામાં કોન્ટ્રાકટરે શ્રમિકોને તરછોડ્યા : સ્થાનિક કોર્પોરેટર અને લોકો મદદે પહોંચ્યા

મોડાસા નગર માં રહી મજૂરી કામ કરી પેટીયું રડતા પરિવાર દેશ કોરોના વાઈરલ ને નાથવા લોકડાઉન લાગુ કરતા ફયેલા પરિવાર ને બે દિવસ સોસાયટી ના માણસોએ અસરો આપી ભોજન આપ્યું છતાં કોન્ટ્રાક્ટરે શ્રમિકોની ખબર ના લેતા પરિવારે મોડાસા સર્વોદય નગર પાલિકા વિસ્તારના કોર્પોરેટર નિકેશ ભાઈ નો સંપર્ક કરતા તેઓ એ પીડિત પરિવારની મુલાકાત લીધી હતી,શ્રમિકો ની વ્યથા સાંભળતા જ કોર્પોરેટર નિકેશભાઈ એ ૧૫ દિવસ ચાલે એટલું કારીયાણા કીટ તૈયાર કરી આપતા શ્રમિક પરિવારે હાશકારો અનુભવ્યો હતો,આ સેવાયજ્ઞમાં સથી મિત્રો જોડાયા હતા અને જરૂરિયાત જણાય તો સંપર્ક કરવા કહ્યું હતું.

## “હું કોરોના કિલર છું” એન્ડ્રોઈડ સ્પર્ધા ઈનામ જીતો : સાબરકાંઠા

સાબરકાંઠા જીલ્લા પોલીસતંત્ર હંમેશા કાયદાની કડક અમલવારી સાથે અધિકારીઓ અને કર્મચારીઓ વિવિધ સેવાકીય કાર્યો થકી માનવતાની મહેક ફેલાવતા રહે છે સ્માર્ટ ફોન અને ડિજિટલ યુગના જમાનામાં સાબરકાંઠા જિલ્લા પોલીસ દ્વારા




લોકડાઉન દરમિયાન લોકો ઘરમાં રહે અને સુરક્ષિત રહે તે હેતુથી મનોરંજન અને ફિટનેસ પ્રતિયોગીતા બનાવી છે ૨૧ દિવસ દરમિયાન ઘરની બહાર ન નીકળે તે માટે બાળકો તેમજ યુવાનો મહિલાઓ માટે ’હું કોરોના કિલર છું’ નામની પ્રતિયોગિતા બનાવી છે જેમાં સ્માર્ટ ફોન યુઝર્સ સ્પર્ધામાં ભાગ લઈ ઈનામો જીતી શકે છે

“હું કોરોના કિલર સ્પર્ધા” અંગે એ.એસ.પી ડૉ.લવીના સિંહના જણાવ્યા અનુસાર જીલ્લા પોલીસવડા ચૈતન્ય માંડલિક સર ના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે

“હું કોરોના કિલર સ્પર્ધા” ૨૧ દિવસ દરમિયાન લોકો પોતાના પરિવાર સાથે ઘરે બેઠા મનોરંજન મેળવે સાથે સુરક્ષિત રહે તે માટે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રતિયોગિતામાં દરેક ઉંમરના લોકો બાળકો યુવા અને વડીલ તમામ પોતાનામાં રહેલી આવડત હોશિયારી નો બે-ત્રણ મિનિટ નો વિડીયો બનાવી વોટસએપ નંબર “૬૩૫૯૬૨૬૮૯૧” પર મોકલી આપવાનો છે. હેન્ડીક્રાફ્ટ હેન્ડ, હેલ્પીંગ હેન્ડ , કિંગ અને ક્વીન કુકિંગ, નૃત્ય ,ગાયકી જેવી સ્પર્ધાઓ બાળકો માટે કોરોના જાગૃતિ માટેની ચિત્રસ્પર્ધા સાથે યોગ ચેલેન્જ અને ફિટનેસ ચેલેંજના રોજ ના વિડીયો બનાવી પોતાના વોટસએપ પરથી નામ સરનામાં સાથે મુકવાનો રહેશે આ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોમાંથી ઉત્કૃષ્ટ વિડીયો મોકલનાર ત્રણ પુરૂષ તથા ત્રણ મહિલા વિજેતા અને પુરસ્કાર આપવામાં આવશે.

## મોડાસા તાલુકાના પ્રણામી સંપ્રદાયના ૨૨ યાત્રાળુઓ છેલ્લા ૬ દિવસથી ઉત્તરપ્રદેશના સરહાનપુરમા ફસાયા

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખે મુખ્યમંત્રીને પત્ર લખ્યો

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગામડાઓના ૨૨ જેટલા પ્રણામી સંપ્રદાય સાથે સંકળાયેલા યાત્રાળુઓ પ્રણામી સંપ્રદાયના ઉત્તર ભારતમાં આવેલ તીર્થસ્થાનો પર ભક્તિ યાત્રાએ ગયા હતા. દેશમાં કોરોના વાયરસની મહામારીના પગલે ૨૨ જેટલા યાત્રાળુઓ છેલ્લા લોકડાઉનના પગલે ઉત્તર પ્રદેશના સરહાનપુર જિલ્લાના સરસવા ખાતે પગલે મહામારી સર્જાતા દેશમાં લોકડાઉનની પરિસ્થિતિનું નિર્માણ થતા ઉપરોક્ત યાત્રાળુઓ છેલ્લા ૬ દિવસથી સરહાન પૂરમાં ફસાયેલા છે. યાત્રાળુઓ પૈકી મોટાભાગના ૧૫ જેટલા યાત્રાળુઓ સિનિયર સિટીઝન છે અને તેમાં મહિલાઓનો સમાવેશ થાય છે. દેશમાં ૨૧ દિવસના લોકડાઉન અમલ થતાં વાહન વ્યવહાર અને રેલ્વે માર્ગ બંધ કરાતા ઉપરોક્ત યાત્રાળુઓ હાલ પ્રાણનાથ જ્ઞાનપીઠ



આવેલ પ્રાણનાથ જ્ઞાનપીઠ છેલ્લા ૬ દિવસથી ફસાતા તેમને રહેવા જમવા અને પરત લાવવા માટે મોડાસા તાલુકા સંઘના અધ્યક્ષ અરૂણભાઈ પટેલ અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીતભાઈ ચાવડા એ મુખ્યમંત્રી વિજય રૂપાણીની વિનંતી કરી છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નાંદોજ અને મોડાસા તાલુકાના સરડોઈ, મેઢાસણ, જીતપુર, દધાલીયા અને સાબરકાંઠા જિલ્લાના ઈડરના ગોરલના ૨૨ જેટલા યાત્રાળુઓ તારીખ ૧૧માર્ચ ઉત્તર પ્રદેશના શ્રી પ્રાણનાથ જ્ઞાનપીઠ ખાતે દર્શનાર્થે ગયા હતા. ઉપરોક્ત યાત્રાળુઓ તારીખ ૨૩ માર્ચનું બુકિંગ કરાવી રેલવે માર્ગે પરત ફરવાના હતા પરંતુ દેશમાં કોરોનાવાયરસના સરસવા નકુલ રોડ સરસવા જિલ્લો સરસપુર યુપી ખાતે આશરો લઈ રહ્યા છે યાત્રાળુઓ ગુજરાત ખાતે ફોનથી સતત સંપર્ક કરી જમવા અને મેડીકલ સેવાની વ્યવસ્થા થાય અને ગુજરાત પરત લાવવા માટે વિનંતી કરી રહ્યા છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ અગ્રણી અરુણ પટેલે પ્રદેશ પ્રમુખ અમીતભાઈ ચાવડાને રજૂઆત કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીને લેખિતમાં જાણ કરી તાત્કાલિક ઉત્તરપ્રદેશ સરકારનો સંપર્ક કરી યુદ્ધના ધોરણે યાત્રાળુઓને રહેવા જમવા અને દવાઓની વ્યવસ્થા કરી કેન્દ્ર સરકાર સાથે પરામર્શ કરી તાત્કાલિક ધોરણે રેલવે અથવા રોડ માર્ગે યાત્રાળુઓને પરત ગુજરાત લાવવાની વ્યવસ્થા કરવા માટે મુખ્યમંત્રીને વિનંતી કરવામાં આવી છે.

### સરકાર અમને સીધા વતન પહોંચાડે

શામળાજી પ્રાણનાથજી મંદિરના વ્યવસ્થાપક અને યાત્રાળુઓ ટીમના લીડર નાંદોજના વતની ગણેશભાઈ પ્રણામીનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે સરહાન પુરથી આવેલ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તમામ યાત્રાળુઓનું મેડિકલ ચેકઅપ થઈ ગયું છે યાત્રાળુઓને સરકાર દ્વારા સીધા ગુજરાત પહોંચાડવા આવે અને અન્ય કોઈ કેમ્પમાં અમને મોકલવામાં ના આવે તેવી અરજ કરી જણાવ્યું હતું કે અન્ય કેમ્પમાં લઈ જવામાં આવે તેના કરતા હાલ અમો જ્યાં છીએ ત્યાં સલામત છીએ.

## પ્રાંતિજ પ્રાંત કચેરી ખાતે કરીયાણાના વેપારીઓની મીટીંગ યોજાઈ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે લોકડાઉન વચ્ચે જવન જરૂરીયાતની ચીજવસ્તુઓ નગરજનોને મળી રહે તે માટે પ્રાંન્ત કચેરી ખાતે પ્રાંન્ત અધિકારી તથા



મામલતદારની અધ્યકક્ષતામા વેપારીઓના પાંચ પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી.

હાલ કોરોનાને લઈને દેશભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે જેમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ કોરોનાની મહામારીને લઈને તંત્ર દ્વારા જડબેસલાક બંધ કરાવવામાં આવ્યું છે અને લોકડાઉનનું પાલન કરવામાં આવ્યું રહ્યું છે ત્યારે લોકડાઉન વચ્ચે નગરજનોને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સહેલાઈથી મળી રહે તે માટે આજે તાલુકા સેવાસદન ખાતે પ્રાંન્ત અધિકારી મમતાબેન તથા પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાની અધ્યકક્ષસ્થાને કરીયાણાના વેપારીઓ સાથે એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંન્ત અધિકારી મમતાબેન તથા મામલતદાર એચ.પી. ભગૌરા, તાલુકા વિકાસ અધિકારી નિતિનભાઈ પટેલ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં અને વેપારીઓને દુકાનો ખુલ્લી રાખવાનો આગ્રહ કર્યો હતો અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ગ્રાહકો સુધી પહોચાડવા હોમ ડિલેવરીથી પહોચાડવા જણાવ્યું હતું અને દુકાનો ઉપર ભીડ ના કરવા તથા ગ્રાહકોને દુકાનો ઉપરથી ચીજવસ્તુઓ ના આપવાનું જણાવ્યું હતું અને ખોટી ભીડ ના કરવા કે જાહેરનામાનો ભંગ ના કરવા જણાવ્યું હતું. પ્રાંન્ત અધિકારી તથા પ્રાંતિજ મામલતદાર દ્વારા નગરજનોને બજારમાં જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ માટે બજારમાં ન નિકળવું અને વેપારીઓના આપેલ ફોન ઉપર કોન્ટેક્ટ કરી પોતાના ઘરે મગાવી લેવું તેવો નગરજનોને આગ્રહ કરવામાં આવ્યો હતો અને લોકડાઉનનું નગરજનો તથા પ્રાંતિજ તાલુકાના લોકોને ચુસ્ત પાલન કરવા જણાવવામાં આવ્યું હતુ.

### પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર વિષ્ણુ મંદિર ટ્રસ્ટ તરફથી

## મુખ્યમંત્રી રાહત ફંડમાં ૫.૫૧ લાખની રકમનુ દાન કરાયું

અરવલ્લી જિલ્લામાં ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર વિષ્ણુ મંદિર ટ્રસ્ટ તરફથી મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૫.૫૧ લાખની રકમના દાનની જાહેરાત કરાઈ હોવાનું ટ્રસ્ટના વાઈસ ચેરમેન રણવીસિંહ ડાભીએ જણાવ્યું છે. ટ્રસ્ટના ચેરમેન મહાઈશભાઈ ઉપાધ્યાય અને ટ્રસ્ટ કમિટીનમાં કરેલા નિર્ણય મુજબ



કોરાના વાયરસ પીડિત લોકો માટે મદદના ભાગરૂપે રાજયના મુખ્યમંત્રી રાહત ફંડમાં આ દાન જમા કરાવાશે. ઉલ્લેખનીય છે કે કોરોનાવાયરસ કોવિંદ-૧૯ રોગ આખા વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસ માટે સમગ્ર દેશને લોકડાઉન કરેલ છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકોએ આ વાયરસની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લામને મદદ કરી રહ્યા છે. આ સંજોગોમાં શ્રી શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટ શામળાજી તરફથી માનનીય મુખ્યમંત્રી ગુજરાત રાજ્યના રાહત ફાળામાં રૂપિયા પાંચ લાખ ૫૧ હજાર આપવાનો નિર્ણય લીધેલ છે એવું શ્રી શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટના મેનેજર કનુભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવેલ છે.